RCS/5/2013 ORDER

Registration No.: RCS/5/2013
Filing No.: RCS/5/2013
Filed On: 05/03/2013
Registered On : 05/03/2013

IN THE TALUKA COURT AT GHOGHA

REGULAR CIVIL SUIT NO. 5 OF 2013.

Plaintiff:

1. Ajitsinh Dilubha Gohil
   Lakadiya,
   Ta.Ghogha
   Bhavnagar
   Gujarat

VERSUS

Defendant:

1. Takhubha Gumansinh Gohil
   Second floor, Royal Pelesh, Bhajigali,
   Nr. Bhadrakali Temple, Station Road,
   Bhaindar WEST
   Mumbai
   Maharastra

1-1. Pragulba Takhubha Gohil
   Second Floor, Royal Palesh, Bhajigali,
   Nr.Bhadrakali Temple, Station Road,
   Bhaindar WEST
   Mumbai
   Maharastra

1-2. Shaktisinh Takhubha Gohil
   Second Floor, Royal Palesh, Bhajigali,
   Nr. Bhadrakali Temple, Station Road,
   Bhaindar WEST
   Mumbai
   Maharastra

1-3. Chetansinh Takhubha Gohil

**Second Floor, Royal Palesh, Bhajigali,
Nr. Bhadrakali Temple, Station Road,
Bhaindar WEST
Mumbai
Maharastra**

2. **Pravinsinh Gumansinh Gohil
Lakadiya,
Ta.Ghogha
Bhavnagar
Gujarat**

3. **Vanrajsinh gumansinh Gohil
Lakadiya,
Ta.Ghogha
Bhavnagar
Gujarat**

4. **Kusumba Gumansinh Gohil
Lakadiya,
Ta.Ghogha
Bhavnagar
Gujarat**

5. **Prabhatba Gumansinh Gohil
Lakadiya,
Ta.Ghogha
Bhavnagar
Gujarat**

6. **Vibhutiba Gumansinh Gohil
Lakadiya,
Ta.Ghogha
Bhavnagar
Gujarat**

**Appearance:**
**Y.G.SHEIKH For Plaintiff 1**
**C.R.MEHTA For Defendant 1-1, 1-2, 1-3, 1, 2, 3, 4, 5, 6**
**M.N.JOSHI For Defendant 1**

---

**ORDER**

**<u>રે.દિ.મુ.નં.પ / ૨૦૧૩</u>**

**<u>આંક : પ ની અરજી લગત હુકમ :–</u>**

(૧) વાદી એ સદર અરજી સી.પી.સી.ઓ.૩૯,રૂલ (૧)(ર) તથા કલમ.૧પ૧ હેઠળ દાવા દરમ્યાન નો મનાઈ હુકમ મેળવવા દાખલ કરેલ છે. અરજી ના પેરા.૬ થી વાદી એ દાદ માંગેલ છે કે,પ્રતિવાદીઓ જાતે, નોકર, એજન્ટ કે તેના કુટુંબીજનો મારફત કે તેના મુખત્યાર મારફત દાવા અરજી ના પેરા. ૧ માં જણાવેલ દાવાવાળી મીલકત કે જે મોજે લાકડીયા ના સર્વે/બ્લોક નં.૮ ની કુલ ૩ હેકટર,૮૯ આરે,પ૧ ચો.મી. ની જમીન માંહે થી પોણા નવ વિઘા જમીન માં વાદી ના કાયદેસર ના કબજા ભોગવટા માં ખેડી, વાવતા, ઉપજ નિપજ લેતા, ગાડા, ગડેરા, હળ, સાંતી, ખેત મજુર, ટ્રેકટર લાવવા લઈ જવા અડચણ અટકાયત કરે કરાવે નહિં તેમજ વેચાણ કરે કરાવે નહિં તેવો દાવા ના આખરી નિકાલ થતા સુધીનો મનાઈ આપવા અરજ કરેલ છે.

(૧.ર) વાદીની અરજી ની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, દાવા ના પક્ષકારો કુટુંબી ભાઈ બહેનો થાય છે. તેઓ ની વડીલોપાર્જીત જમીન મોજે લાકડીયા નાં સર્વે બ્લોક નં.૮ થી ૩ હેકટર, ૮૯ આરે,પ૧ ચો.મી. ની આવેલ છે.પક્ષકાર ના વડીલ એટલે કે વાદી ના દાદા પ્રતાપસિંહ દીલુભા ની હયાતી માં વાદી ને બ્લોક સર્વે નં.૮ માંહે થી પોણા નવ વિઘા જમીન સંવંત ૧૯૭૩ ચૈત્ર સુદ ૧૧ ના રોજ લખાણ થી આપવા મા આવેલ છે.વાદી છેલ્લા પપ વર્ષથી આ જમીન મા ખેતી કરી ઉપજ નિપજ લે છે.વાદવાળી જમીન પ્રતિવાદી ના નામે રેવન્યુ રેકર્ડ માં નોંધાયેલ છે. વાદી ની અજ્ઞાનતા કારણે વાદી નુ નામ નોંધાયેલ નથી.હાલ માં પ્રતિવાદીઓ આ જમીન અન્ય ને વેચાણ આપી દેવા માગે છે. પ્રતિવાદીઓ એ વાદીની વાદવાળી જમીનનો કબજો છોડી દેવા માટે જણાવેલ છે.વાદી એડવર્સ પઝેશનની રૂઈએ પણ વાદવાળી જમીન ના માલિક બને છે અને પ્રતિવાદીઓ વિધાઉટ ડયુ પ્રોસેસ ઓફ લો વાદી ને વાદવાળી જમીનમાંથી હાંકી કાઢી શકે નહિં. જેથી વાદીએ આ દાવો દાખલ કરેલ છે. વાદી નો પ્રથમ દર્શનીય કેસ છે. બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદી ની તરફેણમાં છે. વાદી ને માંગ્યા મુજબ નો મનાઈ આપવામાં ન આવે તો અમાપ નુકસાન જાય તેમ છે.આ ઉપરાંત પ્રતિવાદીઓ ના જવાબ ની સામે વાદીએ આંક.રર થી કાઉન્ટર એફીડેવીટ રજુ કરેલ છે.વાદી એ પોતાની અરજી ના સમર્થન માં નીચે મુજબનાં દસ્તાવેજો રજુ રાખેલ છે.

<u>માર્ક</u>. <u>દસ્તાવેજ ની વિગત</u>.

૪/૧ સવંત ૧૯૭૩ ચૈત્ર સુદ અગીયારસ નાં લખાણની ઝેરોક્ષ

૪/૨ મોજે લાકડીયા ખાતા નં.૨ ની નકલ

૪/૩ મોજે લાકડીયા સર્વે/બ્લોક નં.૮ નો ગામ નમુનો નં.૭ અને ૧૨ ની નકલ

૪/૪ વાદગ્રસ્ત જગ્યાનો કાચો નકશો

૪/૫ થી ૪/૮ ત્રાહીત વ્યકતિ ના અરજીનાં સમર્થનમાં સોગંદનામાઓ

૨૩/૧ વાદીએ મોજે ગામ લાકડીયા સર્વે/બ્લોક નં.૮ પૈકી ની પોણા નવ વિઘા જમીન નું પાણી પત્રક તેઓના નામે કરવા મામલતદારશ્રી,ઘોઘા ને આપેલ તા.૭/૩/૧૩ ની અરજી.

૨૩/૨ સર્કલ ઓફીસર,ઘોઘા એ ઉપરોકત અરજી અન્વયે કરેલ પંચ રોજકામ ની નકલ

૨૩/૩ સર્કલ ઓફીસર,ઘોઘા એ લીધેલ વાદી નું નિવેદન

(૧.૩) સદરહુ કામે પ્રતિવાદી નં.૨ થી ૬ ના એ આંક.૧૩ થી અને પ્રતિવાદી નં.૧/૧ થી ૧/૩ ના એ આંક.૨૧ થી દાવાઅરજી તેમજ મનાઈ અરજી વિરૂધ્ધ સંયુકત લેખિત જવાબ રજુ કરેલ છે.જે જવાબ ની સંક્ષિપ્ત હકીકત એવી છે કે, વાદી તથા પ્રતિવાદીઓ ભાઈઓ અને બહેનો થતા હોવાની હકીકત ખરી નથી.વાદીની દાવા અરજી ની હકીકતો ખરી અને કાયદેસરની ન હોવાનું જણાવે છે.વાદી અને તેનાં સગા સંબંધીઓ માથાભારે અને ઝનુની સ્વભાવ ના છે.વાદવાળી જમીન માં પ્રતિવાદી એ સરકારશ્રી ધ્વારા માપણી કરાવી ખૂંટા નખાવેલ તે પણ ટ્રેકટર ધ્વારા દૂર કરી સદરહુ વાદગ્રસ્ત જમીન નો કબજો છીનવી લીધેલ છે. જેથી પ્રતિવાદી એ વાદી સામે તા.૩૦/૦૬/૨૦૧૧ નાં રોજ ઘોઘા પો.સ્ટે.માં ફરીયાદ દાખલ કરેલ છે.પ્રતિવાદી ઓ ની માલિકી કબજા ભોગવટા ની જમીન નો વાદી એ ગેરકાયદેસર રીતે કબજો મેળવી લીધેલ હોય અને પ્રતિવાદીઓ ને હેરાન પરેશાન કરવા ખોટો દાવો દાખલ કરેલ છે.વાદી નો પ્રથમ દર્શનીય કેસ નથી.વાદી ની મનાઈ અરજી મંજુર કરવા માં આવે તો પ્રતિવાદીઓ ને નાણાં માં આંકી ન શકાય તેવુ નુકશાન જાય તેમ હોય,વાદીનો દાવો તથા અરજી રદ કરવા અરજ કરેલ છે. પ્રતિવાદીઓ એ તેમનાં જવાબ તેમજ અરજીનાં સમર્થનમાં આંક–૧૪ થી નીચે મુજબ નાં દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

માર્ક. દસ્તાવેજ ની વિગત.

૧૪/૧ વાદવાળી જગ્યા નો નકશો

૧૪/૨ દાવાવાળી જગ્યા નો ગામ નમુનો નં.૮ – અ ની નકલ

૧૪/૩ દાવાવાળી જગ્યાનો ગામ નમુનો નં.૭ અને ૧૨ ની નકલ

૧૪/૪ પ્રતિવાદીએ તા.૨૯/૦૧/૨૦૧૩ નાં રોજ ભરેલ શિક્ષણ ઉપકર

૧૪/૫ પ્રતિવાદીએ તા.૦૩/૦૩/૨૦૧૩ નાં રોજ ભરેલ શિક્ષણ ઉપકર

૧૪/૬ પ્રતિવાદીએ તા.૨૯/૦૧/૨૦૧૩ નાં રોજ ભરેલ મહેસુલ

૧૪/૭ પોલીસ બંદોબસ્ત માટે જમા કરાવેલ રકમ ની પહોંચ

૧૪/૮ પ્રતિ.નં.૪,૫,૬ નું હકક જતો કર્યા અંગેનું સોગંદનામું

૧૪/૯ પ્રતિ.નં.૪,૫,૬ એ હકક જતો કર્યા બાદ નામ કમી કરવા કરેલ અરજી

૧૪/૧૦ પ્રતિ.નં.૪,૫,૬ નું નામ કમી થયા બાદ ગામ નમુનો નં.૬ હકપત્રકની નકલ

૧૪/૧૧ માપણી ફી ની પહોંચ

૧૪/૧૨ તલાટી રૂબરૂ નું કબુલાતનામું

૧૪/૧૩ વાદી વિરૂઘ્ધ ઘોઘા પો.સ્ટે.માં પ્રતિવાદી પ્રવિણસિંહે આપેલ અરજી

(૨.૧) સદર અરજી દાવા દરમ્યાન નો મનાઈ હુકમ મેળવવા અંગે ની હોય,કાયદા ના સ્થાપીત સિઘ્ધાંત મુજબ આ અરજી ના નિર્ણય માટે નીચે મુજબ ના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

<u>મુદ્દા નં.૧.</u> શું વાદી સાબીત કરે છે કે, તેમનો પ્રથમદર્શનીય કેસ છે ?

<u>મુદ્દા નં.૨.</u> શું વાદી સાબીત કરે છેકે,બેલેન્સ ઓફ કન્વીન્યન્સ તેમનાં લાભમાં છે ?

<u>મુદ્દા નં.૩.</u> શું વાદી સાબીત કરે છે કે, જો મનાઈ હુકમ ન આપવામા આવે તો વાદી ને નાણાં થી ન આંકી શકાય તેવું નુકશાન થાય તેમ છે ?

<u>મુદ્દા નં.૪.</u> શું હુકમ ?

(૨.૨) ઉપરોકત મુદ્દાઓ ના નિર્ણય નીચે મુજબ છે.

મુદ્દા નં.૧ : નકાર માં.
મુદ્દા નં.૨ : નકાર માં.
મુદ્દા નં.૩ : નકાર માં.
મુદ્દા નં.૪ : આખરી હુકમ મુજબ.

સદરહુ નિર્ણય અંગેના <u>કારણો</u> નીચે મુજબ છે.

(૩.૧) વાદી એ આંક.૫ ની અરજી નાં સમર્થન માં આંક.૨૬ થી લેખિત દલીલ રજુ કરેલ છે. જેમાં અરજી ની હકીકતો મુજબ ની જ દલીલ કરેલ છે અને જેમાં મહત્વની દલીલ એવી છે કે,વાદવાળી જમીન છેલ્લા ૫૫ વર્ષ થી વાદી નાં કબજા ભોગવટા માં આવેલ છે,પરંતુ વાદીની કાયદાની અજ્ઞાનતા નાં કારણે તેઓનું નામ રેવન્યુ રેકર્ડમાં નોંધાયેલ નથી.વાદી એડવર્સ પઝેશન ની રૂઈએ વાદવાળી મીલકત નાં માલિક થયેલ છે.વાદી નો ૧૨ વર્ષ ઉપરાંત નો કબજો છે.અરજી ના સમર્થન માં નીચે મુજબ ના ચુકાદા રજુ રાખેલ છે.

જી. એલ.આર. ૧૯૮૬ (૧) પેજ.૨૧૬ પર રીપોર્ટ થયેલ ચુકાદો રજુ કરી

દલીલ કરેલ છે કે,સદર કેસમાં સ્પેસીફીક રીલીફ એકટ કલમ.૩૮ હેઠળ વાદી ટ્રેસપાસર હોવા છતાં નામદાર હાઈકોર્ટે કાયદેસરનું પઝેશન માનેલુ તે મુજબનો આ કેસ છે.

જી.એલ.આર.૧૯૯૫ (૨) પેજ .૧૩૬૯ માં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે,માત્ર ટાઈટલ વિના કબજો હોય તો પણ તેનો પજેસરી ટાઈટલ માં પ્રોટેકટ કરવા જોઈએ. આ બન્ને ચૂકાદાઓ વાદી ની અરજી ની હકીકત ને સમર્થન કરતા હોય,દાવા ના આખરી નિકાલ થતાં સુધી અરજી મંજુર કરવા અરજ ગુજારેલ છે.

(૩.૨) પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી એ દલીલ કરેલ છે કે, વાદીએ તેઓનો કેસ સાબિત કરવો જોઈએ.સદરહુ અરજીમાં પઝેશન પ્રોટેકટ કરવુ કે કેમ તે નકકી કરવાનું છે.વાદી ની બે હકીકત છે. એક ટાઈટલ માટેની છે. જેમાં વાદી પોતાને માલિક તરીકે ઓળખાવે છે અને બીજી હકીકત માં એડવર્સ પઝેશન ની રૂઈ એ કબજો પ્રોટેકટ કરવા અરજ કરેલ છે.વાદી તેઓ ના ટાઈટલ માટે નિ.૪/૧ થી લખાણ રજુ કરેલ છે.જે લખાણ રજીસ્ટ્રેશન થયેલ નથી. આ લખાણ કોણે લખી આપ્યુ અને વાદી નો તેઓ સાથે શું સંબંધ છે તે તેમાં જણાવેલ નથી.વાદી નુ ટાઈટલ દર્શાવવા માટે અન્ય કોઈ પુરાવો નથી.એડવર્સ પઝેશન ઢાલ સ્વરૂપ માં છે તેને તલવાર તરીકે વાપરી શકાય નહિં. એડવર્સ પઝેશન માટે સતત ૧૨ વર્ષ સુધીનો કબજો સ્થાપિત થયેલો હોવો જોઈએ અને આ કબજો પ્રતિવાદી ની જાણ માં હોવો જોઈએ.વાદી તેઓનું ૧૨ વર્ષ નું પઝેશન સ્થાપિત કરતા નથી. વાદીએ તેઓના માલિકી હકક બાબતે આજદિન સુધી શા માટે કોઈ કાર્યવાહી ન કરી તેનો ખૂલાસો નથી અને થયેલ વિલંબ માટે કાયદો વાદી ને મદદ કરી શકે નહિં. વાદી પોતાને સહમાલિક તરીકે ઓળખાવે છે.સહમાલીક અને સહહીસ્સેદાર નાં કીસ્સા મા એડવર્સ પઝેશન ની તકરાર લઈ શકાય નહિં.એડવર્સ પઝેશન ને આધાર તરીકે ગણી શકાય નહિં. અમો પ્રતિવાદીઓ ના બચાવ મુજબ વાદી ટ્રેસપાસર છે.નિ.૧૪/૧૩ થી પ્રતિવાદી એ વાદી વિરૂઘ્ધ ફરીયાદ આપેલ છે.જે ફરીયાદ તા.૩૦/૦૬/૨૦૧૧ નાં રોજ આપવામાં આવેલ છે અને ત્યાર થી વાદી દાવાવાળી મીલકત ના કબજા માં છે.નિ.૧૪/૧ થી પ્રતિવાદી એ કરાવેલ માપણી નો નકશો રજુ કરેલ છે.જે માપણી તા.૨૩/૦૫/૨૦૧૧ નાં રોજ થયેલ છે.જે માપણી માં વાદીનો કબજો સ્થાપિત થતો નથી,એટલે કે તા.૩૦/૦૬/૨૦૧૧ નાં રોજ વાદીએ ગેરકાયદેસર રીતે કબજો છીનવી લીધેલ છે. જેથી એડવર્સ પઝેશનનું પ્લીડીંગ ટકી શકે નહિં.વાદી નો કબજો ગેરકાયદેસર થતો હોય,વાદીને મનાઈ આપી શકાય નહિં. વાદીએ તેઓ નાં અગાઉ નાં કબજા ને ઉપજ નિપજનાં વેચાણ અંગેના કોઈ પુરાવા રજુ કરેલ નથી.જેથી વાદીની હકીકતો ખોટી હોવા નું સ્પષ્ટ થાય છે.વાદીનો પ્રથમ દર્શનીય કેસ નથી.બેલેન્સ ઓફ કન્વીનીયન્સ પ્રતિવાદીઓ ની

તરફેણ માં છે.વાદીને મનાઈ આપવામાં ન આવે તો તેઓને કોઈ નુકસાન જાય તેમ નથી જયારે વાદી ને મનાઈ આપવામાં આવે તો પ્રતિવાદીઓ ને નાણાંમાં આંકી ન શકાય તેવુ નુકશાન જાય તેમ છે.જેથી વાદીની દરમ્યાન મનાઈ અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩.૩) અરજી ના નિર્ણય હેતુસર ઉપરોકત દલીલ લક્ષ માં લીધી તેમજ દાવા નુ રેકર્ડ વંચાણે લીધુ.વાદી એ તેઓ ની અરજી ના પેરા.૬ થી પ્રતિવાદીઓ તેઓ ના દાવાવાળી મીલકત કે જેનુ વર્ણન અરજી ના પેરા.૧ માં જણાવેલ છે તેના કબજા ભોગવટા માં દાવા ના આખરી નીકાલ થતા સુધી દખલ અંતરાય કરે કરાવે નહી તે મતલબ ની દાદ માંગેલ છે.પ્રતિવાદી ધ્વારા તેઓ ના આંક.૧૩ થી રજુ લેખિત જવાબ ના પેરા.૧૭ માં દાવાવાળી મીલકત નો કબજો વાદીઓ નો હોવા નુ અને વાદીઓ એ આ કબજો બળજબરીપુર્વક તા.૩૦/૦૬/૨૦૧૧ ના અરસા માં મેળવેલ હોવા નુ જણાવેલ છે.પ્રતિવાદીઓ ધ્વારા વાદી નો દાવાવાળી મીલકત માં કબજો સ્પષ્ટપણે સ્વીકારેલ છે,પરંતુ આ કબજો તા.૩૦/૦૬/૨૦૧૧ ના અરસા થી હોવા નુ જણાવેલ છે.રેવન્યુ રેકર્ડ માં પ્રતિવાદીઓ નુ નામ આવેલ છે.

વાદી ની અરજી ની હકીકતો મુજબ દાવાવાળી મીલકત પક્ષકારો ના વડીલ એટલે કે વાદી ના દાદા પ્રતાપસિંહ દીલુભા ની હયાતિ માં મળેલ છે અને તે હકીકતે તેઓ દાવાવાળી મીલકત ના માલીક છે.દાવાવાળી મીલકત નો તેઓ છેલ્લા ૫૫ વર્ષ થી કબજો ધરાવે છે.વાદી એ તેઓ ની સદર હકીકત ના સમર્થન માં નિ.૪/૧ થી લખાણ રજુ કરેલ છે.આ અરજી નુ કારણ પ્રતિવાદીઓ એ દાવાવાળી મીલકત વેચવા નો પ્રયાસ કર્યો ત્યાર થી ઉત્પન્ન થયુ છે.વાદી એડવર્સ પઝેશન ની રૂઈ એ પણ સદર મીલકત ના માલીક થયેલ હોય તેમજ કબજેદાર હોય આ અરજી દાખલ કરેલ છે.વાદી ની હકીકતો નો પ્રતિવાદીઓ એ ઈન્કાર કરેલ છે.વાદી તરફે તેઓ ને દાવાવાળી મીલકત માલીકી હકકે મળેલ હોવા નુ જણાવી નિ.૪/૧ થી જે દસ્તાવેજ રજુ કરેલ છે.દાવાવાળી મીલકત પ્રતિવાદી ની માલીકી ની સર્વે/બ્લોક નં. ૮ ના કુલ ૩ હેકટર,૮૯ આરે,૫૧ ચો.મી. પૈકી ની પોણા નવ વિઘા જમીન છે.તેવી કોઈ હકીકત આ દસ્તાવેજ માં જણાવેલ નથી.જેથી,નિ.૪/૧ થી રજુ દસ્તાવેજ હાલ ના તબકકે વાદી ની હકીકત ને સમર્થન આપતો નથી.

વાદી તરફે ની દલીલ મુજબ વાદી છેલ્લા પંચાવન વર્ષ થી દાવાવાળી મીલકત ના કબજા માં છે.જેથી છેલ્લા બાર વર્ષ ઉપરાંત થી કબજો હોય,એડવર્સ પઝેશન ની રૂઈ એ પણ વાદી માલીક થયેલ છે.જયારે પ્રતિવાદી તા.૩૦/૦૬/૨૦૧૧ થી વાદી દાવાવાળી મીલકત ના કબજા માં હોવા નુ જણાવે છે.વાદી ધ્વારા તેઓ છેલ્લા બાર વર્ષ ઉપરાંત ના સમય થી દાવાવાળી મીલકત

ના કબજા માં છે,તેવુ દર્શાવવા માટે નિ.૪/૫ થી નિ.૪/૮ સુધી ના ત્રાહીત ના સોગંદનામા રજુ કરેલ છે,જે સોંગદનામા કાયદા ના સ્થાપિત સિધ્ધાંત મુજબ દસ્તાવેજી પુરાવા નુ સ્થાન લઈ શકે નહી.આથી,રજુ સોંગદનામા ના આધારે વાદી ની હકીકત માની શકાય નહી. વાદી ધ્વારા તેઓ નો કબજો દર્શાવવા માટે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.આમ,વાદી તેઓ નો છેલ્લા બાર વર્ષ ઉપરાંત થી કબજો છે તેવી હકીકત સ્થાપીત કરવા માં નિષ્ફળ ગયેલ છે.

વાદી ધ્વારા તેઓ ની અરજી ના સમર્થન માં નીચે મુજબ ના ચુકાદાઓ રજુ રાખેલ છે.

G.L.R. 1986 (1) Page.216 BAI CHANCHAL D/o. RANCHHODBHAI JHAVER BHAI V/s MOTIBHAI JHAVERBHAI (Decd.) through Heirs BUDHABHAI MOTIBHAI PATEL & ORS. રજુ ચુકાદો માનસહ વંચાણે લીધો.રજુ ચુકાદા માં જણાવેલ કેસ માં વાદી તેઓ નુ પ્રતિવાદી ની જાણકારી માં બાર વર્ષ ઉપરાંત નો કબજો સ્થાપીત કરવા માં સફળ થયેલ હતા.જેથી એડવર્સ પઝેશન ની રૂઈએ વાદી એ દાવા માં માંગેલ કાયમી મનાઈ હુકમ મંજુર કરવા માં આવેલ હતો અને ઠરાવેલ છે કે,બાર વર્ષ ઉપરાંત નો કબજો કાયદેસરતા આપે છે.આ કેસ માં,વાદી તેઓ નુ બાર વર્ષ ઉપરાંત ના સમય થી કબજો હોવા ની હકીકત સ્થાપીત કરવા માં નિષ્ફળ ગયેલ છે.જેથી રજુ ચુકાદા થી વાદી ની દલીલ ને સમર્થન મળતુ નથી.

G.L.R. 1995 (2) Page.1370 MANUBHAI BHACABHAI PATEL V/s. CHEEBABHAI RAMBHAI PATEL. રજુ ચુકાદો માનસહ વંચાણે લીધો.રજુ ચુકાદા માં જણાવેલ કેસ માં વાદી તેઓ નો કબજો અને ટાઈટલ સ્થાપીત કરવા માં સફળ થયેલ હતા.જયારે પ્રતિવાદી દાવાવાળી મીલકત અંગે તેઓ નો હકક સ્થાપીત કરવા માં નિષ્ફળ ગયેલ હતા.જેથી,વાદી ની દરમ્યાન મનાઈ અરજી મંજુર કરેલ હતી.રજુ ચુકાદા માં નામદાર કોર્ટે ઠરાવેલ છે કે,માલીક સિવાય ના ત્રાહીત વ્યકતિઓ સામે ના દાવા માં કબજો એ શ્રેષ્ઠ અધિકાર છે.આ કેસ માં પ્રતિવાદીઓ માલીક છે અને ઉપરોકત ચર્ચા કર્યા મુજબ વાદી તેઓ ની માલીકી સંદર્ભે ની હકીકત પ્રથમ દર્શનીય રીતે સાબિત કરવા માં નિષ્ફળ ગયેલ છે.આથી,રજુ ચુકાદા થી વાદી ની દલીલ ને સમર્થન મળતુ નથી.

વાદી ના માલીકી હકક નો પ્રતિવાદીએ ઈન્કાર કરેલ છે.ઉપરાંત વાદીએ તેઓ ના માલીક હકક અંગે જાહેરાત ની તેમજ પાર્ટીશન સંદર્ભે ની કોઈ દાદ માંગેલ નથી.જેથી,વાદી એ દાવા અરજી માં જરૂરી દાદ માંગેલ નથી.જેથી,વાદી ની મનાઈ અરજી પ્રથમ દર્શનીય રીતે ટકવાપાત્ર નથી તેમ ઠરાવવા માં આવે છે.ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ના કારણોસર વાદી તેઓ નો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરવા માં નિષ્ફળ ગયેલ છે.આથી,મુદ્દા નં.૧. નો નિર્ણય

નકાર માં ઠરાવવા માં આવે છે.

(૩.૪) મુદ્દા નં.૨ અને ૩ ના નિર્ણય સંદર્ભે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ના કારણો લક્ષ માં લેતા,વાદી તેઓ નો કબજો છેલ્લા બાર વર્ષ ઉપરાંત ના સમય થી હોવા ની હકીકત સાબિત કરવા માં નિષ્ફળ ગયેલ છે.જયારે પ્રતિવાદીઓ ના દાવાવાળી મીલકત ના માલીક હકક બાબતે કોઈ તકરાર નથી.વાદી જણાવે છે તેવો દાવાવાળી મીલકત નો હીસ્સો પ્રતિવાદી ની માલીકી ની જમીન માં આવેલ છે.જે સંજોગ માં મનાઈ હુકમ આપવા થી વાદી કરતા પ્રતિવાદી ને વઘુ અગવડ પડે તેમ સ્પષ્ટપણે જણાય આવે છે.આથી,બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદી કરતા પ્રતિવાદીઓ ની તરફેણ માં હોવા નુ સ્પષ્ટપણે જણાય આવે છે અને તેથી મુદ્દા નં.૨ નો નિર્ણય નકાર માં ઠરાવવા માં આવે છે.

ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ના કારણોસર,વાદી ની તરફેણ માં મનાઈ હુકમ આપવા થી પ્રતિવાદીઓ ના માલીકી હકક ને વિપરીત અસર થાય તેમ માની શકાય છે.જેથી, વિરૂઘ્ધ વાદી તેઓ નો પ્રથમ દર્શનીય કેસ સાબિત કરવા માં નિષ્ફળ ગયેલ છે.જેથી,વાદી ને અમાપ નુકશાન થાય તેમ હોવા ની વાદી ની દલીલ માની શકાય તેમ નથી.આથી,મુદ્દા નં.૩ નો નિર્ણય નકાર માં ઠરાવવા માં આવે છે.

(૩.૫) ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ના કારણોસર મુદ્દા નં.૧ થી ૩ નાં નિર્ણય ઘ્યાને લેતા, મુદ્દા નં.૪ અન્વયે નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**// હુકમ //**

(૧) આથી, વાદીની આંક.૫ ની અરજી રદ કરવા માં આવે છે .

(૨) અરજી નો પક્ષકારો ને થયેલ ખર્ચ પક્ષકારો એ જાતે ભોગવવાનો રહેશે.

હુકમ આજ તા.૨,માહે.મે,સને.૨૦૧૪ ના રોજ ખૂલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ.ઘોઘા

(દર્શકકુમાર દિનેશચંદ્ર શાહ)
પ્રિન્સીપલ સીવીલ જજ,ઘોઘા
કોડ : જીજે ૦૦૯૫૬